Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત
Jamnagar District

નં.ડીએમ/લોકમેળો/પ્રવેશબંધી/ ૧૭૦૮/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૧૭/૦૮/૨૦૨૨

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળનું જાહેરનામું

સીટી એન્જીનિયરશ્રી, જામનગર મહાનગરપાલીકા તરફથી મળેલ દરખાસ્ત અનુસાર સાત રસ્તા સર્કલથી સુભાષ ચંદ્ર બોઝ સ્ટેચ્યુ સુધીના રોડ પર હાલ ફલાય ઓવરબ્રીજનું કામ ચાલુ હોય, ફલાય ઓવર બ્રીજના સર્વિસ રોડ પર ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર ચાલુ રહી શકે તે માટે જાહેરનામું અમલમાં છે તેમજ ભારે વાહનો માટે સાત રસ્તાથી ટાઉન હોલથી બેડી ગેઈટ થઈ વિકટોરીયા પુલના રૂટ પર અવર-જવર ચાલુ હોય, આ રૂટ પર શ્રાવણ માસના લોકમેળા-૨૦૨૨ના ટ્રાફીકને ધ્યાનમાં રાખી રૂટ પર ટ્રાફીકનું મેનેજમેન્ટ થાય તે માટે સાત રસ્તા સર્કલથી જિલ્લા પંચાયત ઓફીસ સર્કલ સુધીનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધ ફરમાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૧૭/૦૮/૨૦૨૨ ના પત્ર થી અભિપ્રાય રજુ થયેલ છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો**, જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) જામનગર શહેરમાં તા.૧૮/૦૮/૨૦૨૨ થી તા.૨૦/૦૮/૨૦૨૨ સુધી તથા તા.૨૭/૦૮/૨૦૨૨ ના રોજ સવારના ૦૯.૦૦ કલાક થી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી એમ કુલ ૪ (ચાર) દિવસ માટે સાત રસ્તા સર્કલથી જિલ્લા પંચાયત સર્કલ સુધીના રસ્તા પર તમામ પ્રકારના વાહનો માટે વાહનવ્યવહાર બંધ રહેશે. વાહનો માટે (ભારે વાહન સિવાય) વેકલ્પીક રૂટ તરીકે ઉકત રસ્તા સિવાય અન્ય રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

(૨) જામનગર શહેરમાં તા.૧૮/૦૮/૨૦૨૨ થી તા.૨૭/૦૮/૨૦૨૨ ના સવારના ૦૯.૦૦ કલાક થી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી ભારેવાહનો માટે સાત રસ્તા સર્કલથી જિલ્લા પંચાયત સર્કલ સુધીના રસ્તા પર વાહનવ્યહાર બંધ રહેશે. ઉકત સમયગાળા દરમ્યાન ભારેવાહનો માટે અવર-જવર માટે વૈકલ્પીક વ્યવસ્થા નીચે મુજબની રહેશે.

### -: વૈકલ્પીક રૂટ :-

(૧) સાત રસ્તા સર્કલ લઈ એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ પરથી પવનચકકી સર્કલ થઈ પંપ હાઉસ રોડ પર થઈ લાલપુર બાયપાસ ચોકડી તરફનો રસ્તો. (ભારે વાહનો માટે)

(૨) સાત રસ્તા સર્કલથી જનતા ફાટક ચોકડી થઈ જકાતનાકા સર્કલ થઈ હરીયા કોલેજ રોડ પરથી સાંઢીયા પુલ થઈ રાજકોટ રોડ તરફનો રસ્તો. (ભારે વાહનો માટે)

(૩) વિકટોરીયા પુલથી અંબર ચોકડી થઈ જી.જી.હોસ્પીટલથી પંચવટી થઈ શરૂ સેકશન રોડ થઈ પાયલોટ બંગલા થઈ સાત રસ્તાથી એસ.ટી. તરફનો રસ્તો. (ભારે વાહનો માટે)

-: અપવાદ:-

આ જાહેરનામું લોકમેળાની કામગીરીમાં રોકાયેલ સરકારી વાહનો, આ રસ્તાની આજ બાજુમાં રહેતા રહેવાસીઓ, એમ્બ્યુલન્સ તથા ફાયર વિભાગના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે સીટી એન્જીનિયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે. રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ સિટી એન્જીનિયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ મુકવાના રહેશે.

આજ તા.૨૭ માહે- ઓગસ્ટ-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન.જાની)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર).
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર (શહેર)
૬. મામલતદારશ્રી, જામનગર (શહેર)
૭. સીટી એન્જીનિયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, જામનગર
૯. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જામનગર
૧૦. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)
.......સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
.......ઉકત જાહેરનામાંની ૨ (બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.
૧૨. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
.......ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રેરીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
૧૩. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના :-

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.